ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
ક્ર: આર.સી.એન./૧૦૨૦૧૧/૨૦૧૧-૧૨/(૧)/એએ સેલ.
૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૭/૦૭/૨૦૧૨

Clia

## -: પ રિ પ ત્ર :-

તાજેતરમાં એ.જી.કચેરી, રાજકોટ ખાતેના રી-કન્સીલેશનના કાર્યવાહી દરમિયાન નોન-પ્લાન સદરે CSS સિવાયની બાબત ખોટા વર્ગીકરણ(Miss-classification) ને કારણે CSS માં ઉધારવામાં આવી છે. પરિણામે, આ સદરે રૂા. ૧૯૮ કરોડ જેવી મોટી રકમની જર્નલ એન્ટ્રી મૂકવાની જરૂર પડી હતી. એ.જી.કચેરી દ્વારા એવું જણાવવામાં આવેલ છે કે માર્ગ અને મકાન વિભાગના છેવટના રી-કન્સીલેશનમાં નિષ્કાળજી દાખવવામાં આવી છે અને વિભાગીય કચેરી/વર્તુળ કચેરીના જવાબદાર કર્મચારીઓ યોગ્ય રીતે દરેક વાઉચર દીઠ રી-કન્સીલેશન કરતાં નથી. પરિણામે, મોટી રકમનું ખોટું વર્ગીકરણ થાય છે અને પરિણામે આ બધી બાબતો વિનીયોગ હિસાબોમાં લેવામાં આવે છે.

એ.જી.કચેરીની આ ટિપ્પણી ધ્યાને લેતાં સર્વેને આથી જણાવવામાં આવે છે કે દરેક રી-કન્સીલેશન વખતે પોતાની કચેરીનો ખર્ચ ચોકકસ રીતે યોગ્ય સદરે થયો છે કે કેમ? તે કચેરી સાથે એ.જી.કચેરીના હિસાબો સાથે ચકાસવામાં આવે અને જયાં જયાં ખોટું વર્ગીકરણ જણાતું હોય, ત્યાં અચૂક ટ્રાન્સફર એન્ટ્રી(TE) મૂકવામાં આવે. હવે પછી ખોટા વર્ગીકરણના કિસ્સાઓ ખૂબ જ ગંભીર રીતે ધ્યાને લેવામાં આવશે અને આ રીતે યોગ્ય રી-કન્સીલેશન નહીં કરનાર સંબંધિત કર્મચારી સામે સખત પગલાં લેવામાં આવશે. જેની દરેકે નોંધ લેવા જણાવવામાં આવે છે. આ સૂચનાઓ તમામ સંબંધિત કર્મચારીઓના ધ્યાન ઉપર લાવવા અ.ઇ.શ્રીઓ અને કા.ઇ.શ્રીઓને આથી જણાવવામાં આવે છે.

(ભરત ત્રિવેદી)
નાયબ સચિવ
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

- સર્વે અ.ઇ.શ્રીઓ, મા.મ.વર્તુળો.
- સર્વે કા.ઇ.શ્રીઓ, મા.મ.વિભાગો.
- સર્વે અ.ઇ.શ્રીઓ.પંચાયત (મા.મ.) વર્તુળ.
- સર્વે કા.ઇ.શ્રીઓ, પંચાયત મા.મ.વિભાગો.
- સંયુકત નિયામકશ્રી, ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા, રેસકોર્સ, વડોદરા.
- નિયામકશ્રી, બાગ-બગીચા, ઉપવન વિભાગ, ગાંધીનગર.
- અ.ઇ.શ્રી, વિદ્યુત મા.મ.વર્તુળ, ગાંધીનગર.
- અ.ઇ.શ્રી.મિકેનીકલ મા.મ.વર્તુળ, અમદાવાદ.

નકલ રવાના: સર્વે મુ.ઇ.શ્રીઓ, મા.મ.વિ., સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારુ.